૪૭૭૯

॥ ગોપીજનવલ્લભાયનમઃ ॥

ध्रुपती वस्त्राहरण नाटकनां गायन.

બનાવનાર,

છગનલાલ મકનદાસ મેહેતા.—મુ. દેરડી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
બુકસેલર કેશવલાલ એન્ડ હરીલાલ.
મુ૦ અમદાવાદ.

દોહરો.

નિજ બાહુના બળ઼ગકી, કિર્ત્તિ કરી પ્રકાશ;
સિંહ હોય સો લાંઘણો, તોય ન ચરે ઘાસ. ૧

અમદાવાદ.
☞ માણેકચોકમાં ગોળવાળાની ઓળે
"વિજયપ્રવર્ત્તક" પ્રેસમાં મગનલાલ
હરીલાલે છાપ્યાં.

સંવત ૧૯૪૭. સને ૧૮૯૧.
કીંમત સવા બે આના.

४७७९

ध्रुपती वस्त्राहरण नाटकनां गायन.

ઈશ્વર સ્તુતિ લાવણી.

અવધ પતી મારાજ, કૃપા દીલ ધરજો,
મન તણા મનોરથ પુરી, કષ્ટને હરજો;
અધમ ઓધારણ દેવ, નાથ ઉર ધારી,
સારદ નારદ સનક, ગાવે ત્રી પુરારી.
મહીપતી કરે છે સ્તવંન, મહી શીર ભારી,
નીગમ નેતી કહી ગાય, ગુણ વીસતારી;
ચંદ્રહાસની સાર, કરી છે મોરારી,
એમ અરધે વેણે અસુભ, ગુણકા તારી.
બાર મુખીને હાથ, કીરટ સાર લીધો,
એમ ઉતાનપાદનો પુત્ર, અવીચળ કીધો;
અરભક નામે ઓધાર, વીપ્રને આપો,
ગજનો છોડાવો બંધ, નક્રને કાપો.
નરસઇને આરોપો હાર, કંઠમાં હાથે,
નાભાગ પુત્રનો શ્રાપ, ધરો હરી માથે;
મેં કર્યાં કુકર્મ અનીત, હરી ઉર ના આણો,
સમલ તાપ સમાવો, સીસ્યુ મુને જાણી.
અઘ કરાહ છે અનેક, નાથનીજ ટારો,
દાસ છગન છે બહુ દીન, અરજ ઉર ધારો.

ગીરા સ્તુત.

રાગ ગજલ.

પ્રથમ તો આરાધું ગીરા માતુ તુજને;
વીધી નંદની તું વાણી આપ મુજને. 1
તેજ તુજ વદનનું છે અરકથી અતી;
રમાપતી ભવાદય વીધી કરે છે ાવનતી. 2
કર મધ્યે પુસ્તક ધરું હંસ વાહની;

સબુદ્ધિ બુદ્ધિ આપો વિઘ્ન દાહાની. ૩
અલ્પ જ્ઞાનથી આ ગ્રંથ આદર્યો ખરો;
દીન જાણી દીયા આણી પરીપૂર્ણ કરો. ૪
શીસુને સત્ય પાલક તું જનની તો ખરી;
ભગવાન ઉપર સાય થાશો દીલ કૃપા કરી. ૫

દ્રોણાચારજી બોલેછે—ઇંદ્રસભાની ઢબની ગજલ.

શીખ આપવા તીયાર થીઆ છો સીસ તમે નીરધાર;
કાજ કરો સીર કષ્ટજ લઇને મુજસુ આણી પીયાર.
પંચાળ દેશનો અધિપતી છે ધૃપદ જેનું નામ;
તેહને રાજનો મદ ઘણોછે ગરવ તણુંછે ધામ.
ધનુર વિદ્યા પુરવે ધરાવી દ્રુપદરાયે જાણ;
તે વખતે એક વચન આપીયુ ભુપતિ એ નીરવાણ.
સીસ જાણી હું તેહની પાસે ગાય માગવા કાજ;
તીરસ્કાર કર્યો તેણે માહરો લોપી મારી લાજ.
સૈન્ય લઇને સીસ માહરા તૈયાર થાવ નીરધાર;
પંચાલપતી કેદ કરીને આહી લાવો આ વાર.
પુરી પ્રતીજ્ઞા મારી, સીસ જાણો વીસેક,
જરૂર જીતસો જય પામશો, આસીસ આપુ અનેક.

રાગ ગજલ.

(અરજુન, દુરજોધન, કરણ વીગેરે બોલે છે.)

અરજુન—શીર ચડાવું આજ્ઞા, વીલંબ નહીં કરૂં,
દ્રુપતરાયને બાંધુ નહી તો, સસ્ત્ર નવ ધરૂ.
કાળ કઠોર દ્રુપત ભેગો આવે તહી,
દ્રુપત સહીત તેને મારૂ જાણજો સહી.
એ પ્રતાપ આપનો છે જાણજો નકી,
ગરૂજી વીદ્યા જ્ઞાન આપુ બોલુ તે થકી.

દુરજોધન—ભવાદય વીધી લોકમાં, દ્રુપત જઇ રહે,
ત્યાંથી તેને બાંધી લાવું, સુખના લહે.

કરણ—અપમાન આપનું કરૂં છે, પંચાલના પતી,
ફળ તેના હું આજ દેખાડું, જુધ્ધ કરી અતી,
શીષનો ધર્મ એવો, નીશ્ચે જાણવો.
સેવા ગુરૂની પુરણ કરવી, ગરવ ન આણવો.

[કેટલુંક ધરોણાચારજી સાથે ભાષણ કરી સૈન્ય લઇ દુર્યોધન, અરજુન પંચાળ તરફ રવાને થયા.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—દ્રૂપત રાજાના રાજમહેલમાં દ્રૂપત રાજા તેમની રાણી પાસે નઠારાં સ્વપ્નાં વિષે હકીકત કહે છે.

રાગ બનજારા.

દ્રૂપતરાજા—મતી ગુસાની પામેછે મારી, સ્વપ્નું થયું દુઃખકારી
પાંડુર પુત્રને મોકલ્યો આંહી, રહ્યા દ્રોણ હસ્તિનાપુર માંહી;
મને દંડ દેવા આ વારી. સ્વપ્નું મુજને૦
જુધ્ધ કરીને મુજને હરાવ્યો. બાંધી કેદી વેશ ધરાવ્યો;
કષ્ટ આપ્યું છે મુજને ભારી. સ્વપ્નું મુજને૦

ચંદ્રકાંન્તા—પ્રાણનાથ ધીરજ ઉર ધારો, મીથ્થા સ્વપ્નાની વાત વીચારો.
વાસનાલીગથી વીસ્તાર કાવે નક્કી નહીં તે નીગમ ગાવે;
કમળા નાથનું નામ સંભારો. મીથ્યા૦
સ્વપ્ને રાજ પામ્યો ભીખારી, સુખ સજાને નૌતમ નારી;
જાગી જોયું ત્યાં નાવ્યો દુઃખઆરો મીથ્યા૦

પ્રવેશ ૭ મો.

(કેટલુંક ભાષણ થયાં બાદ અરજુન સૈન સહીત આવી જુધ્ધ કરી દ્રુપદને કેદ કરી દ્રોણાચારજી પાસે લઇ ખડો કર્યો, તે વખતે દ્રૂપત રાજા ધ્રોણગુરૂની વીનંતી કરે છે.]

રાગ સંદેસાનો.

દીલ દયા ધરજો રે ધરોણાચારજી,

શીશુ જાણી છોડો માહરો બંધ જો;
રાજ તણા મદથીરે કાંઈ નવ સુજીયું,
અહંકારથી થયેલ પુરો અંધજો દીલ દયા. ૧
કટુ વચન મારેરે ઉર નવ આણુશો.
કૃપા કરીને ક્ષમા કરો અપરાધ જો;
પુરણ ભણાવ્યો મૂજને રૂડી રીતથી,
ધનુર વીદ્યાનું કાંઇ જ્ઞાન ધરાવ્યું અગાધજો. દીલ. ૨
ક્રોધ ન ઘટે ક્રોધપર ક્ષમાવંતને,
અજ્ઞાનીનો અવગુણ ન ધરો લેશજો;
સ્તુતીની ધ્વારે અમતુલ્ય આપને.
એવો આપનો સ્વભાવ છે રે હમેશજો. દીલ. ૩
અવીદ્યા પ્રમાણે ફળ મુજને મળ્યું,
તેમાં નવ જાણુ આપનો દોશ લગાર જો;
મેર કરીને ગરવ મારો મટાડીયો,
નહી નીશ્ચે હું જાત ચોરાશી મોજારજો. દીલ ૪

(કેટલીક દીનવાણી દ્રોણગુરૂ પાસે કહી ત્યારે દ્રોણગુરૂએ ચોબારી પરગણુ દંડમાં લખાવી દ્રુપદને બંધનથી મુક્ત કર્યો.)

પ્રવેશ ૮ મો.

દ્રુપત રાજા પોતાના ઘેર જાતાં વીચાર કર્યો કે આ વનમાં યાજ રૂષી રહે છે તેની પાસે જઇ એક પુત્ર માગું જેથી દ્રોણગુરૂ સાથે બેર લેવા હું શક્તીવાન થાઉં, તેમ યાજરૂષીપાસે જઇ ગાયછે.

રાગ ઇંદ્રસભાની ઢબની ગજલ.

પંચાલ દેશનો અધીપતી છું, દ્રુપત મારૂં નામ;
આવ્યોછું હું શરણ આપને, વીચારી એક કામ.
દ્રોણગુરૂએ ગાયજ માગી, મારી પાસે એક વાર.
નકાર કર્યો મેં તેહનો આણી ઘણો અહંકાર.
ક્રોધ કરીને રૂષી બોલીયા મુજ સાથે તે વાર,

ગરવ તારાને નીશ્ચે ગાળુ જાણે દરોણાચાર.
ધનુર વીધા તો જઇ ધરાવી હસ્તીના પુર મોઝાર,
પારથને પુરણ ભણાવ્યો રૂપી રહી તે હાર.
દરોણગુરૂએ એમજ માગ્યું અરજુન પાસે આજ;
દ્રુપત રાયને બાંધી લાવો કરો માહરૂં કાજ.

સૈન લઇને અરજુન આવ્યો ક્રોધ કરી નરેશ;
બળ કરીને મુજને બાંધ્યો કર્યો કેદીને વેશ.
દરોણની પાસે ધર્યો મુજને ક્ષણ નવ લાગી વાર;
દીન જાણીને દંડજ લીધો અરધ રાજ્યનો હાર.

દુખ સાંભળી દયા આણીને કૃપા કરો રૂપી રાજ;
વીપતી વીદારવા વચન આપશો સુધરે સઘળું કાજ.
(કેટલુંક ભાષણ કરાબાદ યાજરૂશી પ્રસન્ન થઈ દરૂપત પ્રત્યે બોલેછે.)

રાગ બનજારો.

રાજા યજ્ઞ કરાવો આ વારી, જેથી આસા પુરણ થાય તારી,
દ્વીજ દેશો દેશથી બોલાવી, વીદ્વાન વરણીમાં વરાવી;
આપે આહુતી મંત્ર ઉચ્ચારી. જેથી. ॥૧॥

યજ્ઞ દેવ આહુતી જ્યારે લેશે, પ્રગટ થઇનેવર તુને દેશે;
ઉતકંઠા તે માગજે વીચારી, જેથી આસા. ॥૨॥
મુખ ફળ થાશે એવું, તારા અરીને અગ્ની જેવું;
સેજે શત્રુ તારા જાસે હારી, જેથી. ॥૩॥

દીનપણુ જોયુ જ્યારે તારૂ, દીલગીર થયું મન મારૂં,
પ્રસન્ન થઇ પ્રયોગ કરૂં ભારી, જેથી. ॥૪॥
(દરૂપત રાજા મચ્છવેંધવાની પ્રતીજ્ઞા કરી પોતાની સ્ત્રી પાસે કહેછે.)

પ્રવેશ ૯ મો.

રાગ આશા ગોડી.

સચી સમ રાજે, પ્રીયા તુજ વદન સચી સમ રાજે,
અધર સુધાની પ્રભા મમ પ્યારી, દસન શ્વેત ઘણુ ભ્રાજે. ૧

કુટલ ભ્રગુટીને ભાલ અતી સુંદર, કુકમ તીલક મારે મન સાજે. ૨
અરૂણ અસીત તુજ દ્રગન સોભે, ખંજન કુરગમીન મન લાજે. ૩
વૈભવ તુજથી અધીક બીજો નથી, સ્વર્ગસમ સુખ ગણુ આજે. ૪
મનસ્વની તુ મળી મુને પ્યારી, રીધી રાજ તુજથી ઘણુ ભ્રાજે. ૫

રાગ ગજલ.

ચંદ્રકાન્તા—વેગળા ન જશો સ્વામી મારા, વેગળા નજશો, ૧
રંક દાસી હુંછું સ્વામી, સત રાખશો;
મેઘ પુષ્પથી મકરને, પયમાં નાખશો,
તરત તન ત્યાગે સ્વામી, ફેર નહીં કશો. ૨
તે પ્રમાણે પ્રીત અમારી દુર ન રાખશો,
સુધા નીધી સાથ સ્નેહ સકોરનો રચ્યો. ૩
સ્વામી ચકોર પક્ષી પેઠે મુજને જાણશો,
દેહ મારી આપને અરપી મેર આણશો. ૪
અર્ધાંગ્ના હું આપની છું સ્નેહ વધારશો,
નાડી પ્રાણ આપ હાથ નીશ્ચે જાણશો. ૫
[રૂપતી કેમ પ્રણવા ખુશી છે તે ગાઇને તેની માતાજી પુછેછે)

પ્રવેશ ૧૦ મો.

રાગ દીંડી.—તુને પુછવા આવી છુ પુત્રી મારી,
પ્રત્યુતર દેજે દ..પાં વીચારી;
સબધ કરવા યોગ હજી કુંવારી. તુને ૧
પીતા તાહરો પુછાવે મુજ પ્યારી,
કેતો સબંધ પ્રીતે ધારી;
રચ્યું સ્વયંવર સત્યય અનુસારી. તુને.
દ્વીત વાતમાં ધારે જે ખુશી તારી,
ખચીત રાખજે તું વૃતી ત્રીપુરારી;
સુફલ મનોરથ હોશે સુખકારી. તુને. ૩
કન્યાકાળ રહે વર્ષ દસ બારી,
ત્રીયોદસ વર્ષે રજસવળા નારી;

એમ આગમ નીગમ કેછે રે પોકારી. તુને. ૫

(દરૂપતીજી ઉત્તર આપેછે.) **રાગ ગજલ.**

મન માંહી વિચારજે તું માત માહરી;
સબંધ વિષે ઉચીત બુદ્ધિ જરૂર તાહરી.
શ્રુતી સમૃતિ વાક્ય ઉર ધારજો નકી;
જમાઈનાં દસ લક્ષણો જોવાં વેદ પુરાણ થકી.
છ ઠેકાણે દોહીતાને આપવી નહીં;
આપેથી અવગુણ થશે જાણજો સહી.
શીશુપણા સબંધ કુળ જોઇને કરે;
વિઘ્ન તો વિશેષ થાય દુઃખ શીર ધરે.
માવીતરનો મુખ્ય ધર્મ વિચારવો ખરો,
કરવો નહીં કન્યા વીક્રય જન એ ચાલ ધરો.
મતી પ્રમાણે મેં કહ્યું છે ક્રોધ ન આણુશો,
શાસ્ત્ર વિરૂદ્ધ સબંધ નહીં નિશ્ચે જાણુશો.
પ્રવીત વાત પુછી મને સ્નેહથી ખરી,
અનુકુળ જેમ આપને તે નિશ્ચે હું વરી.
મચ્છવેધાનું પણ ધર્યું છે પીતા માહરે,
ઉત્કંઠા તો એજ મુંને કેવું ત્યાહરે.

(પાંચ પાંડવો કાપડીને વેશે આવેલ છે. ત્યાં વારાંગના ગાયન કરેછે.)

રાગ બરવાની ઠુમરી. ઠંગો પંજાબી.

બંદ્રાબનમેં બંશી બજાઈ, શરદરેન બીચ સાવરીએ,
નાદ સુનો વીહ વ્રજ વ્રજ નારી, શીશુ છોડી વન ગીએરી.
રાશ રચ્યો કામનો કર જાલી, તાંબુલ મુખમેં દીએરે,
મહા મતી મુનીવર લલચાએ, તપ છોડી કે ધ્યાન દીએરે.
આતુરથી વીબુધ સબ આયે, કુસમની વૃષ્ટી કીએરે,
તારૂણી લીએ ત્રીકમસુ તાળી, ગૌલાક સમ સુખ લીએરે.
બ્રખુભાન સુતાકુ સંગે લેકર, અંતરધ્યાન ભયેરે,
દીન અબલકી અરજ સુનીકે, બીહારી પ્રગટ થીએરે.

સ્નાન કીયે જમુના જલમેં, કુંજર વૃત ક્રીડા કીયેરે.

(તે પછી અર્જુને રૂષીને વેષે મચ્છવેદન કર્યું, તે પછે દ્રુપત રાજા નિચે પ્રમાણે ગાયન કરે છે.)

રાગ સીતાજીના મહીનાનો.

પાંચ સાથે પરણાવું તો પુત્રી નીંદા થાય નક્કી,
નરકાગ્નિમાં પડયો નીરધાર, કન્યા પરણાવા થકી.
ક્ષત્રી થઈ કરૂં નહીં એ કામ, પુત્રી કુંવારી રહી,
પાંડુર પુત્રે કર્યો અધર્મ, સતવાદી થઇ.
સારૂં કરતાં નરસું થયું, આજ સ્વયંવર આદરી.
આવું જાણ્યું નોતું દીલ માહ, અનિતી થઇ ખરી.
પાંડવ જુધ કરશે જરૂર, અન્યાય તો નહીં કરૂં,
બળ કરીને લેશે મારી બાળ, નિશ્ચે તો હું મરૂં,
દુષ્ટ થયા છે પાંડવ જાણ, સત્ય વેતું ગયું,
લોક વિરૂદ્ધ વદેછે વાણ. પાપ આવીને રહ્યું.

(ત્યારબાદ નારદજી દ્રુપત રાજાને સમજાવે છે.)

રાગ કલ્યાણ.

દ્રુપતરાયજી ધિરજ ઉર ધરો.
પુત્રીના પ્રાલબ્ધમાં છે સંદેહ પરહરો.
પુર્વે એક વિપ્ર વિવેકી મેધાવી તેનું નામ,
પુત્રી તેને ગુણસુંદરી રૂપતણું છે ધામ. ૧
મેધાવીએ મન વિચાર્યું સબંધ ધરાવું ક્યાંય,
રૂષિ મંડળમાં સારો સોધી પુત્રી પરણાવું ત્યાંય. ૨
ઉંચ નીચ અને સારૂં નરસું કરતો ફરે છે ધરાણ,
પુત્રી જાગ વર શોધતાં પંડે પામ્યો મરણ. ૩
ખબર ભવિષ્યના નીચે જાણ્યા ગુણસુંદરીએ જાણ,
તપસ્યા તો તરતજ માંડી, મુખ છે શંકર વાણ. ૪
બહુ વરસ વિત્યા છે જ્યારે, પરસન થયા ત્રીપુરાર,

માગ્ય માગ્ય મુખથી વદેછે; જે તુજ દીલ કરાર. ૫
ગુણસુંદરીએ મુખથી માગ્યું, પતી આપો નીરધાર,
સારું થઈ શંકર કહે છે, માગ્ય તું બીજી વાર; ૬
પાંચવાર તો પતી માગ્યા, ગુણસુંદરીએ જાણ.
પાંચ પતીતો તુજને થાશે, શંકર કહેછે વાણ. ૭
ગુણસુંદરી પુત્રી તાહરી, ધરો આંહી અવતાર,
ત્રીપુરારના વરદાનેથી, પાંચ મળ્યા ભરથાર ૮
પદ્મ પુરાણના પાતરસ્કંધમાં, ભાખ્યું છે નીરવાણ,
પાંચેને પરણાવો પુત્રી, વીચારી પુર્વનીવાણ. ૯

(દ્રૂપતીજીને સાસરે વળાવે છે ત્યારે તેની માતા શીખામણ દે છે)

રાગ–દાદાને આંગણે આંબલો.

પુત્રી પતીવૃતા પાળજો, રાખી ધરમનું ધ્યાનજો,
સત્યપણું નવ ચુકશો, લેજો નીગમનું જ્ઞાનજો.
તન મન ધન નીશ્ચે કરી, સેવજો સાસુના ચરણજો,
પુરણ આજ્ઞા પતીની પાળજો, શીક્ષા ધરજો કાનજો.
નીતી ન્યાયથી સદા ચાલજો, વિચારી પીતાનું કુળજો,
વાણી વીવેકથી બોલજો, વધશે લજ્યા અમુલજો.
શાણાને શું સમજાવીએ, તુજ બુદ્ધી અપારજો,
સ્નેહ સદા વધારજો, શું કહીએ વારમવારજો.

(દ્રૂપતીજી બોલે છે.)

માતા મનમાં નવ ધરશો મારી ચીંતા લગાર,
કુળ દીપાવીસ તમનણું રાખી ઇશ્વર આધાર. મ.તા.
સર્વ સખીસું મમ પ્રીય રાખજો સ્નેહ અપાર,
જીવ એક તન જુજવા, જુદી પડુંછુ આ વાર. માતા.
માત પીતા સખીયું સહું, પધારો આપ દુવાર,

હેતે હરીને સંભાળજો, પ્રભુ શું રાખશો પીયાર. આતાં

(ઈંદ્રપ્રસ્તમાં નારદજી આવી યુધીષ્ટરને પુછેછે.)

રાગમાઢ.

નારદ વધુ ધરી નેહરે અરપીને મારી દેહ. ટેક.
ક્યાંથી આવ્યાને ક્યાં જવું, પ્રયોજન કહો તેહ;
ફરજ બતાવું હરપથી હું હુકમ ફરમાવો તેહ, અરપી. ૧
સરણ તમારે સીષ નમાવું સ્તવન કર ધરી સ્નેહ:
કૃતારથ કીધા કૃપાથી આજ, દુધ ઉઠા છે મેહ. અરપી ૨

નારદ—સંદેશો પાંડુરનો નીરધાર કેવા આવ્યો છું આ દ્વાર.
પીતા તાહરો પ્રાણ ત્રાગી ગયા સરગ મોઝાર
અવીગત તો થઇ છે એને શાંન્તી નથી લગાર. કેવા આ. ૧
યજ્ઞ કરાવો રાજ્ય સોય ખરચી દ્રવ્ય અપાર;
સ્વર્ગ ભુવન સુખ મેળવે મુકતી પામે આ વાર. કેવા આ. ૨

દુરજોધન છડીદારને કહે છે **રાગ ઇંદ્રસભાની ગજલ.**

દુર્યોધન—વેગથી તું જાને વેલો પ્રીય છડીદાર,
દ્રુપતીને તેડીલાવ સભાની મોઝાર.
તન મનથી જુગતી કરી તેડી લાવ આ દ્વાર;
તેમ કરતાં આવે નહીં તો બાંધી લાવ નાર.
શાણો તું છડીદાર છે, બુદ્ધીનો અપાર;
દ્રુપતીને તેડીલાવ જલદીથી આવાર.

છડીદાર—સીશ નમાવું આપ શરણે, હસ્તીનાપુર પતી;
કુશળ રહો આપ સદાય, સુખ વધો અતી.
આજ્ઞા આપની જરૂર, શીર ચડાવું આજ;
પ્રાણ મારા જતા સુધી, કરૂં આપનું કાજ,
વહેર હોય જો પાંડવ સાથે, યુધ કરો અતી;

અવનીમાં અનીતી વધશે, પીડાય મહા રાતી.
મહીપતીનું તુરજ ઈચ્છું, સેવકનો છે ધર્મ;
કહી સંભળાવુ આપને હું, કરો ગમે તે કર્મ.
[ત્યારબાદ છડીદાર પાંડવના ઉતારા તરફ દ્રુપતીને તેડવા જાયછે.)

રાગ બનજારો.

દ્રુપતીજી—તું કેમ આવ્યો છે કમ છડીધારી, શ્રાપ દેઉ તુને સીરભારી;
અહંકારીનો શેવક સાચો, દુષ્ટ જાને અહીયાંથી પાછો,
પ્રયોજન શું આવ્યો વીચારી, શ્રાપ દેઉં૦
તુને કેણે મોકલ્યો આહી, મુઢ આવ્યો છે દરબાર માંહી;
નીકર પાસમાં નાખું આ વારી, શ્રાપ દેઉં૦
પતી ગયાછે સભા મોઝાર, જરૂર હોયતો જાને તે ઠાર;
એક ચીતે રાખુ મોરારી, શ્રાપ દેઉં૦

છડીદાર—માતુ અરજ સુણજો મારી, પ્રીયોજન કહુ વિસ્તારી;
દુત કિધા દુરજોધન સાથે, પાંડુ સુતે પાછો લીધો હાથે;
હોડ હાર જીતનો શીર ધારી, પ્રીયોજન૦
પ્રથમ દાયે પાંડવ સૂત હાર્યા, રીધી સીધીને રાજ પરવાર્યા;
દ્વીત દાયે દ્રુપતી હાર્યા પ્યારી, પ્રીયોજન૦
હાર્યા અસ્વત ગજ તેણી વાર, વન જઈને રેહેવું વર્શ બાર;
એવું કામ કર્યુ છે દુખ કારી, પ્રીયોજન૦
તમને તેડવા આવ્યો છું આંહી, ખોળે બેસવા બોલાવ્યા ત્યાંહી;
એ દુરજોધને વાત વિચારી, પ્રીયોજન૦

દ્રુપતીજી— **રાગ ચોપાઈ.**
સભા વિષે થયું કુડું કામ, દુત વિધા રમ્યા મારા સ્યામ,
મુને હારી ગયા માગ પતી, રીધી રાજ રહ્યું નહીં રતી;
દુવાદસ વર્ષ વન જઈ રેહેવું, સુખ દુઃખ ગુપ્તપણે સેહેવું,
કૃષ્ણ દેવ કૃપા બહુ કરજો, દાસી જાણીને દુઃખ મારાં હરજો.

દુરજોધને મોકલ્યો છડીદાર, મને તેડવા કાજ આ વાર,
ક્રોધ કરી પાછો વાળ્યો અહીઆથી વિઘન આવું થયું મને કયાંથી;
દેહક દૈવક ટાળશો કેમ, પ્રભુ રાખજો મારી શર્મ.

છડીદાર દુરજોધન પાસે જઈ અરજ ગુજારે છે.

રાગ ઇંદ્રસભાની ગજલ.

અન્યાય ન કરો ભુપતી, દીલ દયા ધરો,
નીતી ન્યાય ધરી નરેશ, દુખને હરો;
પતીવ્રતાને પીડેથી, અંત આવશે ખરો,
અબળાને બળ ન દેખાડો, સત્ય ઉર ધરો.
સભામાં દ્રૂપતી નહી આવે, જાણજો ખરૂં,
પાયમાલ તો રાજ્ય થશે, આ શું આદર્યું;
જીવવું જરૂર હોય તો, પીડશો માં સતી,
રાવણે સતી સંતાપી, કુળ નવ રહ્યું રતિ.
દ્રૂપતી સાથે સ્ત્રી ભાવ, કદી ન જાણશો,
કુળ સરવેનો નાશ થશે, નિશ્ચે હારશો.

છડીદારની છડી દુરજોધન ખેંચી લઈ તેને પ્રહાર કરી રજા આપે છે તે વખતે ગાય છે.

રાગ ચોપાઈ.

શુભ ઇચ્છયું નરપતીનું જ્યારે, છડીનો પ્રહાર કર્યો ત્યારે;
ધર્મ વિરૂદ્ધ કામ નહીં કરૂં, અનિતીથી અહોનીશ ડરૂં.
ક્ષણભંગુર શરીર છે મારૂં, એવું કાજ નહીં કરૂં નઠારૂં;
અંત તારો આણશે અહંકાર, સતીને પીડે છે તું આ વાર
પાપી મૃત્યુ આવ્યું છે તારૂં, નીશ્ચે માન કહ્યું તું મારૂં;
વૃદ્ધપણું ગંગેવનું ગયું, અન્યાય પાપ આવીને રહ્યું.
શાને કાજે લોપે ગુરૂ દ્રોણ. સત્યેવ્રતે એવું આમાં કોણ;

બાદ દુસાસન દ્રૂપતીને તેડવા જાય છે. તે આવતો જોઈ દ્રૂપતીજી ઇશ્વરની સ્તુતી કરેછે.

રાગ—સૈયર દુખશું દાખવું

કેશવ કૃપા કરજો હવે, મન મેર ધરી મારાજ,
દુષ્ટ દુસાસન આવે છે, મને તેડવાને કાજ. કેશવ. ૧
મનસ્વની હું માનુની, રક્ષા કરો તમો આજ,
દાસી ઉપર દયા કરો, આફતથી રાખજો લાજ. કેશવ. ૨
અધમ જાતી ગુણકા તણો. મુસ્તક લીધો છે તાજ ,
વૃજવાસીને કારણે, સીર ધરો ગીરીરાજ. કેશવ. ૩
કસ્યપ સુતને વીદારીઓ, કયા ધવ કુમારને કાજ,
તેમ રક્ષા કરો માહરી, વીપતી વીદારજો આજ. કેશવ ૪

એટલી વીનંતી કરા બાદ દુસાસન આવી દ્રૂપતીને ચોટલે ઝાલીને રાજય સભા તરફ ચાલતાં દ્રૂપતીજી પ્રભુની સ્તુતી કરે છે.

રાગ બનજારો.

મધુસુદન રક્ષા કરો મારી, જનમો જનમ દાસી હું તમારી,
હું અગનાની દાસ કહાવું, મારે માથે નવ ઘટે આવું,
દુષ્ટ નરેશ દુખ દે છે ભારી. જનમો. ૧
પતીવ્રતાનો ધર્મ હું પાળું, સ્વામી વીના અન્ય નીહાળું,
વેગે વારે ચડજો મોરારી. જનમો. ૨
દુસાસને ગ્રહયા છે મારા, કેશ દુખ દેવા દુરમતી નરેશ
સ્તવંત સાંભળી આવજો મોરારી, જનમો. ૩
તમો અધમ ઓધારણ સ્વામી, ભકત ભૈ હરોછો બહુ નામી,
ગોપ રાખ્યા ગીરી શીરધારી, જનમો. ૪
કાળી નાગનો ગ્રવ ઉતાર્યો, અગાસુર દૈતને માર્યો.
દાવાનળથી ઉગર્યા નરનારી જનમો. ૫
ચંદ્રહાસની રક્ષા કીધી, વીખ સાટે વીખ્યા કરી દીધી,
મુને વીઘ્નથી લીઓ ઉગારી. જનમો. ૬

દ્રૂપતી સાથે પોતાના રાજ્યની તારીફી દુરયોધન કહી બતાવ છે.

રાગ ગજલ.

મહીપતી તો મુજ સરીખો, અવનીમાં નહીં રાય,
પ્રથમ પ્રભાતો રીધી સીધીની ચક્રવંતી શોભાય.
મારે શીર તો છત્ર બ્રાજે, મેવાડ મરતું જાણ,
ભીસ્મ દ્રોણની ભેર મારેછે, સુકનીપગની ખાણ.
કરણ જેવા તો કીંકર મારે, ધનુર વિધામાં ધીર,
સોભાવંતી સભા માહરી, મીત્ર મારે બળ વીર.
નરપતી સર્વે નમેછે મુજને, ખંડણી આપે નરેશ,
કૃશ્ન તારાને કાંઈ ન જાણું, બીક ન ધરૂં લેશ.
ક્રોધ કરૂં હું જે જન ઉપર રાખી ન શકે રામ,
રાજ્ય લઈ વનવાસ મોકલ્યા, કર્યું ધાર્યું મેં કામ.
રમત વિધાથાં તુજને હાર્યા, પતી તાહરા આજ,
ખોળે બેસ તું મોહીત થઈને, કરો સુખેથી રાજ.
દીગવીજય દીગપાળની સાથે, કરવા ધારૂં જો મન,
દીનપણું દીગપતીને આપું, હારૂં નહીં કોઈ દીન.
સ્વામી તારાને જોર છે ઝાઝું, જાદવરાયનું જાણ,
જરા રાંધથી કૃશ્ન તાહરો, ભાગ્યો છે નીરવાણ.
ગોવાળીઆના ગોઠીપણાથી, પાંડવ થયા પ્રસંન,
મારી સાથે તો એ નવ શોભે, ગાય ચારતો વન.

દ્રૂપતીજી—

માલીની વૃત.

પતીવૃતાનો ધર્મ નીશ્ચે પાળું છું સદા,
દુષ્ટ તારે ખોળે બેસે ભીમની ગદા. પતીવૃતા૦ ૧
પાપી તારૂં મૃત્યુ આવ્યું જાણજે ખરૂં,
પાધરૂં અનીતીનું તેં કામ આદર્યું. ૨
અહંકારમાં અંત આવ્યો તાહરો ખરો,
અબળાને બળ દેખાડશો જીવત ઝરો, ૩

ગર્વનો ભર્યો તું કેમ આંધળો ફરે,
નીતી ન્યાય દુર રાખી અધર્મ કરે. ૪
સંતને સંતાપે છે તું માનરે ધરી,
કુળ તારાનો નાશ કરે માહરો હરી. ૫
સત્યના સંજોગથી વનવાશી રે થયા,
સામર્થ તારૂં જોઈ લેત વિચારી રહ્યા. ૬
પ્રાણપતી મારા નીચું ના આપ્યું આજ,
અન્યાય તો નહી કરે સત્યનેરે કાજ. ૭
સભા સર્વેનું જીવતર છે વૃથા,
ભીસ્મ દ્રોણ સાખે અન્યાય થાય તો.. ૮

દ્રૂપતીજી— રાગ લલીત.

અરર હો પ્રભુ હાય વસ્ત્રે તાણેછે દુષ્ટની સભા બહુ ગરવ આણે છે,
વીશ્વનાથજી આપ વારે આવજો લજ્જારે રાખવા ઘણા વસ્ત્ર લાવજો.
ચરણ આપનો હુંરે સેવુંછું સદાય મનકર્મ કરી ધ્યાન ચુકું નહીં કદાય.
પતીછે માહરો તેણે નીચું ન્યાલીયું, સત્ય રાખવા અરે વચન પાલીયું
એકલી આ સમે આધાર છો તમે દયારે લાવશો એ દુષ્ટ તો દમે,
ગુનકા ગીધને મોક્ષ આપીઓ, ગજ છોડવા તમે નક્ર કપાવીઓ.
વીબુધનુ આપે ઘણું દુઃખ ટાળીયું વારાહ રૂપથી ભુર લોક વાળીયું
અરભક નામથી અજામેધ તારીઓ હરી વચનથી ગીરી શીર ધારીએ
અનેક દુષ્ટને પ્રભુમોક્ષ આપીયો, સંતના દુઃખથી ઘણા દૈત કાપીયા,
પ્રહેલાદના તમો ઘણા વસંત કાપીયો કમઠ રૂપથી ચૌદ રત્ન વાળીયો.
વીપતી છે મુને ઈસ મહેર આણજો જદુપતી તમે આપ દાસી જાણજો,
લક્ષ્મીનાપતી લજ્જા રાખજો તમો દયા લાવજો અબલા જાતછું અમો.

દ્રૂપતી ઈશ્વિર પ્રાર્થના કરે છે—

નાથ કેશે ગજકો બંધ છોડાયો.

નાથ તમે ભક્તવચ્છલ પ્રદધારી, સભા વીશે લજ્જા રાખો મારી; નાથ૦
પ્રગટ થયા પહેલાદને માટે, દાસીનું દુખ વીચારી;

સ્થંભ તોડી નરસીંહ રૂપ ધરીયું ભક્ત લીધો ઉગારી નથ.
દ્વીજ સીશુ ભોમાપુર લાવ્યા, અરજુન કાજ આધામ;
સદા મને સુખ સંપતી આપી, પ્રીત પુરવની સંભારી. નાથ૦
ચંદ્રહાસને વીષને સાટે પ્રભુ, વીષયા પરણાવી નારી;
ગુણકા ગીધનો દોશ ન જાણ્યો, આપીછે મોક્ષની બારી. નાથ૦
દાવાનળથી વ્રજવાશી ઉગાર્યા, આપે દીધો છે ખરારી;
અધમ ઓધારણ સ્વામી જગના, આ વીઘનથી મુજને તારી,
નાથ તમો ભક્તવચ્છળ બ્રદહારી.

રાગ કલ્યાણ.

સ્નેહ સભાજનો, આપ ઉર આણજો, બુધી અલ્પથી બનેલ;
ગ્રંથ જાણજો. ટેક.
રસ્વ દીર્ઘનો દોશ ન જાણું, માત્ર સ્વર કે તાન;
સોખીલા સજ્જન સર્વેને, અનુકુળ એ ગાન. સ્નેહ૦
મતી અનુસારે વાક્ય વાપરો, મહાભારથ પ્રમાણ;
સુધારીને આપ વાંચજો, શબ્દનું રાખી ધ્યાન. સ્નેહ૦
દ્રઢ ભક્તી દ્રુપતીની જાણી, કૃપા કરી કીરતાર,
ભક્ત જનોના ભય હરવાને, અનેક ધર્યા અવતાર. સ્નેહ
સ્વદેશી તમો સત્ય પાળજો, કરી અવીધા નાશ,
તામસ ગુણને ત્યાગ કરીને, રજો ન રાખો પાસ. સ્નેહ.
સાત્વીક ગુણનો સંગ્રહ કરજો, ધરમશું રાખી ધ્યાન,
સ્નેહ ધરીને આપ વાંચજો, દ્રુપતીનું આખ્યાન. સ્નેહ.
સંસારમાં સત્ય પાળ્યું જેણે, તેની ઇશ્વરે રાખી લાજ,
માફી કરશો ભુલ ચુકની, છગન કહેછે આજ. સ્નેહ સભાજનો.
આપ ઉર આણજો, બુધી અલ્પથી; બનેલ ગ્રંથ જાણજો.

—સમાપ્ત.—

વિશેષ વિનંતી.

સર્વે સુજ્ઞ જનોને વિનય પૂર્વક ખબર આપું છું કે મારે ત્યાં ઘણી જાતનાં સારાં ને સસ્તી કીંમતનાં પુસ્તકો છે. જેવાં કે જૈનધર્મનાં, વૈશ્નવધર્મનાં, કાયદા સબંધી, શાળોપયોગી, વાર્તા સબંધી, નાટકો અને બીજાં હરેક જાતનાં પુસ્તકો છે. તે જેને જોઇએ તેમણે નીચેને સીરનામે પોષ્ટપેડ પત્ર લખી મંગાવી લેવાં; નાટપેડ પત્ર લીધામાં આવશે નહીં. પૈસા પણ તેની જોડેજ મોકલવા, અને પૈસા નહીં મોકલે તેના ઉપર વેલ્યુપેબલથી મોકલવામાં આવશે.

અમારી તરફથી નીચે લખેલાં પુસ્તકો બહાર પડયાં છે. જેઓને જોઇએ તેમણે નાણાં મોકલી મંગાવી લેવાં.

બીજીના અર્થ.	૦—૦—૬	ત્રીજીના અર્થ.	૦—૦—૯
ધ્રુવાખ્યાન	૦—૦—૯	સોલંકીનો ગરબો.	૦—૦—૯
મેધાકાજળનાં હાળીયાં	૦—૧—૦	નરસીંહ મહેતાના દીકરાનો વીવા.	
સંગીત અભીમન્યુ હવે પછી.			૦—૧—૦

લી. બુકસેલર કેશવલાલ એન્ડ હરીલાલ.

કુંપની.

મુ. અમદાવાદ ઠે. રીચીરોડ, દુકાન નંબર. ૯૯